www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Saturday
07.08.2021

*Volume :5 * Issue No. 357



# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Email.: kamalamgujarat@gmail.com

*Editor :Mahesh N. Patel:- (98249 10606)

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :06*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે ખેલ રત્ન પુરસ્કારનું નામ બદલીને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ કરવાના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નિર્ણયને આવકાર્યો



"દેશના સર્વોચ્ચ રમત સન્માન 'ખેલ રત્ન એવોર્ડ' દેશના મહાન રમતવીર મેજર ધ્યાનચંદજીના નામે રાખવો એ સાચી શ્રદ્ધાંજલિ"

"રમત જાત સાથે સંકળાયેલા દરેક વ્યક્તિ માટે આ ગૌરવપૂર્ણ નિર્ણય છે, હું આ માટે તમામ દેશવાસીઓ વતી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીને અભિનંદન આપું છું." "મને પૂરો વિશ્વાસ છે કે 'મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ' દેશના દરેક ખેલાડીને હોકીના જાદુગર ધ્યાનચંદજીના રાષ્ટ્રને સમર્પણ, તેમનું મૂલ્ય વધારવાના તેમના સંકલ્પ અને તિરંગો ઉંચો કરવા માટે તેમની ઐતિહાસિક સિદ્ધિઓથી પ્રેરિત થઈ વિશ્વ રમત જાતમાં તિરંગાને વધુ ઉંચાઈ સુધી લઈ જશે.

કમલમ દૈનિક,

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ખેલ રત્ન પુરસ્કારનું નામ બદલીને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડના નિર્ણયને આવકાર્યો છે. પોતાના ટ્વીટમાં શ્રી અમિત શાહે કહ્યું કે, "દેશના મહાન રમતવીર મેજર ધ્યાનચંદજીના નામે દેશના સર્વોચ્ચ રમત સન્માન 'ખેલ રત્ન પુરસ્કાર' માટે સાચી શ્રદ્ધાંજલિ છે. રમત જગત સાથે સંકળાયેલા દરેક માટે આ એક ગૌરવપૂર્ણ નિર્ણય છે. હું આ માટે તમામ દેશવાસીઓ તરફથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીને અભિનંદન આપું છું. ગૃહમંત્રીએ કહ્યું કે, "મને પૂરો વિશ્વાસ છે કે 'મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ' દેશના દરેક ખેલાડીને હોકીના જાદુગર ધ્યાનચંદજીના રાષ્ટ્રને સમર્પણ, તેમનું મૂલ્ય વધારવાના તેમના સંકલ્પ અને તેમની ઐતિહાસિક સિદ્ધિઓથી પ્રેરિત થઈ વિશ્વ રમત જગતમાં તિરંગાને વધુ ઉંચાઈ સુધી લઈ જશે.

# સુરતના આંગણે રાજ્યકક્ષાના રોજગાર દિવસ સમારોહમાં મુખ્યમંત્રી વિજ્યભાઈ રૂપાણીના વરદ્દ હસ્તે યુવાનોને નિમણુંકપત્રો એનાયત કરાયા

કમલમ દૈનિક,

''યુવાધનને 'જોબ સિકર નહીં, પણ જોબ ગિવર' બનાવવાના સરકારના અભિનવ અભિગમના કારણે યુવાનોને વૈશ્વિક સ્પર્ધા માટેના અવસરો પ્રાપ્ત થઈ રહ્યા છે. રાજ્ય સરકારે લીધેલા યુવાધન માટેના અનેક ભવિષ્યલક્ષી પગલાઓ, નીતિઓ અને શ્રેણીબદ્ધ રોજગાર મેળાઓ થકી છેલ્લા પાંચ વર્ષમાં બે લાખ સરકારી નોકરી આપી છે તેમજ પાંચ વર્ષમાં ૨૦૮૮ રોજગાર મેળાઓ યોજી ૧૭ લાખ યુવાનોને રોજગારીનો અવસર આપ્યો છે'', એમ રાજ્ય સરકારના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે સુરત શહેર ખાતે રાજ્ય કક્ષાના રોજગાર દિવસ કાર્યક્રમને સંબોધતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું. સુરત સરસાણા કન્વેન્શન સેન્ટરના પ્લેટેનિયમ હોલ ખાતે રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ આયોજિત 'રોજગાર દિવસ' નિમિત્તે વિવિધ સંવર્ગની ભરતીઓમાં ઉત્તીર્ણ થયેલા રાજ્યભરના શિક્ષણ સહાયકો, નર્સો તથા અન્ય વિભાગો અને બોર્ડ, કોર્પોરેશનમાં નિમણૂંક પામેલા તથા રોજગાર મેળાઓમાં પસંદગી પામેલા યુવાનો મળી કુલ ૬૨ હજારથી વધુ યુવાઓને નિમણૂંકપત્રો એનાયત કરાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ નોકરીદાતા અને પ્રતિભાશાળી રોજગારવાંચ્છું યુવાનોને રોજગારીની વિશાળ તકો



પૂરી પાડવા 'અનુબંધમ' પોર્ટલ અને મોબાઈલ એપ્લીકેશનનો પણ ડિજિટલી શુભારંભ કરાવ્યો હતો. રાજ્યના યુવાનોને રોજગારી પૂરી પાડવાના ઉદેશ સાથે તમામ જિલ્લા અને કોર્પોરેશન વિસ્તારમાં ૫૦ જેટલા રોજગાર મેળાઓ સહિત વિવિધ રોજગારીની તકો અંગેના કાર્યક્રમોનો તેમણે સુરતથી શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, 'લર્નિંગ વીથ અર્નિંગ'ના અભિનવ અભિગમ સાથે રાજ્ય સરકારે શરૂ કરેલી મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ૨.૩૦ લાખથી વધુ યુવાનોને આ યોજનાનો લાભ મળ્યો છે. ગુજરાતમાં ભારતના સૌથી વધુ ૨૪ ટકા એપ્રેન્ટિસ છે. એપ્રેન્ટિસ વિદ્યાર્થીઓને પ્રતિ માસ અભ્યાસની સાથે રાજ્ય સરકારનું રૂ.૫ હજાર સુધીનું સ્ટાઈપેન્ડ મળતાં ઉદ્યોગો પર આર્થિક ભારણ પણ રહ્યું નથી. કોરોનાકાળમાં નોકરી મેળવવી દુષ્કર બન્યું હતું, અને આ વિકટ સ્થિતિમાં અનેક લોકો નોકરી ગુમાવી ચૂક્યા હતાં. કોરોના વાઈરસના સંક્રમણના કારણે યુવાનો માટે રોજગારી કયા માધ્યમથી મેળવવી તે વિકટ સમસ્યા બની હતી, આવા સંજોગોમાં રાજ્ય સરકારની રોજગાર માટેની સકારાત્મક નીતિના કારણે ગુજરાત રાજ્ય રોજગાર વાંચ્છુઓ માટે આશાનું કિરણ બન્યું છે, આ સંદર્ભમાં તેમણે રાજ્યમાં અનેક યુવાઓને સરકારી નોકરીમાં તક મળી હોવાનું જણાવતા ઉમેર્યુ કે ભૂતકાળની સરકારો દ્વારા વરસોથી સરકારી નોકરી માટે મૂકવામાં આવેલા ભરતી પ્રતિબંધને અમારી ભાજપા સરકારે દૂર કરીને યુવા શક્તિને સરકારી સેવામાં જોડાવાની તક આપી છે, અને ઍજીઝની ભરતી પ્રક્રિયાને નિયમિત કરી છે. આ ઉપરાંત સરકારી નોકરીની ભરતી પ્રક્રિયામાં પ્રવર્તમાન ૧૦ ટકા પ્રતિક્ષા યાદીનું કદ બેવડુ કરીને ૨૦ ટકા કરવામાં આવ્યુ હોવાથી પ્રતિભાવાન ઉમેદવારોને પણ જાહેર સેવામાં જોડાવાની વધુ તકો મળી છે. પાંચ વર્ષના સુશાસન સેવાયજ્ઞની ફળશ્રુતિ વર્ણવતા મુખ્યમંત્રીશ્રીએ રાજ્યવ્યાપી રોજગાર દિન કાર્યક્રમ અંતર્ગત ૬૨,૬૦૩ યુવાનોને નિમણૂંકપત્રો આપીને યુવાનોના કૌશલ્યનું સન્માન કર્યુ છે, જેમાં ૧૧૫૦૩ સરકારી નોકરીનો પણ સમાવેશ થાય છે એમ તેમણે ગૌરવથી જણાવ્યું હતું. ગુજરાતની 'જોબ ગિવર' તરીકેની સરાહનીય ભૂમિકાનો ઉલ્લેખ કરતા દેશના અન્ય રાજ્યોમાંથી રોજગાર અર્થે આવીને વસેલા ૨૫ લાખ શ્રમિકોને ગુજરાત રોજી-રોટી પૂરી પાડી રહ્યુ છે. 'લેન્ડ ઓફ ઓપોર્ચ્યુનિટી'- તકોની ધરતી બનેલા ગુજરાત રાજ્યમાં ઈન્ડસ્ટ્રીયલ અને સર્વિસ સેક્ટરનો વ્યાપ મોટા ફલક પર વિસ્તરી રહ્યો છે, જે રાજ્યના યુવાધનને રોજગારી આપવાનું ઉમદા પ્લેટફોર્મ છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ગ્લોબલ ફાયના?ન્સીયલ અને આઈ.ટી. હબ તરીકે વિકસી રહેલા ગિફ્ટ સિટી ગાંધીનગર તેમજ સુરતના નિર્માણાધીન અત્યાધુનિક ડાયમંડ બુર્સ એમ આ બંને પ્રોજેક્ટમાં એક-એક લાખથી વધુ રોજગારીનું સર્જન થશે. જેનો સીધો લાભ કુશળ યુવાઓને થવાનો છે. તેમણે એવો પણ ઉલ્લેખ કર્યો કે, યુવાનોને સરળતાથી નોકરી અને ઔદ્યોગિક એકમોને જરૂરિયાત અનુસાર કુશળ માનવબળ મળી રહે એ અમારી સરકારની પ્રાથમિકતા છે. આ વેળાએ મુખ્યમંત્રીશ્રીએ નોકરી મેળવનાર યુવાનોને ઉજ્જવળ કારકિર્દીના અભિનંદન પાઠવ્યા હતાં. આ અવસરે ઊર્જામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતુ કે, સમગ્ર ભારતમાં સૌથી વધુ રોજગારીનું આપતુ રાજ્ય ગુજરાત રહ્યું છે ત્યારે છેલ્લા પાંચ વર્ષમાં દરેકક્ષેત્રે સર્વાંગી વિકાસના કારણે લોકોની જિંદગી બદલવાની સાથે સુખ શાંતિમાં વધારો થયો છે. જેમ વિકાસ દર વધે છે તેમ રોજગારીનું સર્જન પણ થાય છે. તેમણે કહ્યું કે, જે કહીએ છીએ તે કરીએ છીએ જે વચન આપીએ છીએ તેની પાળી બતાવીએ છીએ. સરકારની સારી નીતિઓના કારણે મોટા ઉદ્યોગો ગુજરાતમાં રોકાણ કરે છે જેથી રોજગારીમાં વધારો થાય છે. રાજયમાં ૩૦ લાખ એમ.એસ.એમ.ઈ. યુનિટ થકી સવા કરોડ લોકોને રોજગારી પ્રાપ્ત થઈ રહી છે. રાજયમાં પ્રથમ પ્રોડકશન પછી પરમીશનની નીતિના કારણે અનેકગણી રોજગારી ઉપલબ્ધ થઈ રહી છે. સ્ટાર્ટઅપ પોલીસીમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. ટુરીઝમ પોલીસીના કારણે ગ્રામ્ય વિસ્તારના લોકોને રોજગારી મળતી થઈ છે. હાલ રાજયમાં બે લાખ વિદ્યાર્થીઓ આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરી રહ્યા હોવાનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજયની આઈ.ટી.આઈ.માં આધુનિક મશીનરીઓ ઉપલબ્ધ હોવાના કારણે ઉમેદાવારો નવી ટેકનોલોજી સાથે તાલ મીલાવીને મોટા ઉદ્યોગોમાં સરળતાથી નોકરી મેળવી રહ્યા છે. ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતુ કે, રાજય સરકાર દ્વારા ઉદ્યોગકારોને સમયસરની સબસીડી, જરૂરી ઈન્ફ્રાકસ્ટ્રચરના કારણે અનેકગણી રોજગારીનું સર્જન થયું છે.કોરોના કાળમાં લોનડાઉનના સમયે શ્રમિકોની વતન વાપસી માટે જે ટ્રેનો ચલાવવામાં આવી જેમાંથી ૬૦ થી ૭૦ ટકા ટ્રેનોએ માત્ર ગુજરાતમાંથી અન્ય પ્રાંતોમાં ગઈ હતી. જેના પરથી પ્રતિત થઈ થાય છે કે ગુજરાતએ રોજગારી આપવામાં નંબર વન છે. દારૂબંધીના કારણે ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારોમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે છે જેના કારણે કરોડોના ઉદ્યોગો અહી રોકાણ કરી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. શ્રમ અને રોજગાર વિભાગના અગ્રસચિવ અંજુ શર્માએ સ્વાગત પ્રવચન કરી મુખ્યમંત્રી શ્રી તેમજ મહાનુભાવોને આવકારતા જણાવ્યું કે, રોજગાર દિવસે રાજ્ય સરકારનો ૫૦હજાર નિમણૂંક પત્રો આપવાનો સંકલ્પ હતો, પરંતુ આજે ૬૨ હજારથી વધુ યુવાનોને નોકરી આપીને યુવાનોને ઉજ્જવળ કારકિર્દીના દ્વાર ખોલ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા ફેબ્રુઆરી-૨૦૨૦ માં પ્રસિદ્ધ થયેલા 'એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જીસ સ્ટેટીસ્ટીકસ-૨૦૧૮' મુજબ રોજગાર કચેરીઓ મારફતે ૨૦૧૭ના વર્ષ માટે સમગ્ર દેશમાં રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે છે. દેશના તમામ રાજ્યો કરતા ગુજરાતનો બેરોજગારીનો દર ૨.૨ જેટલો સૌથી નીચો છે. ઉદ્યોગોની કુશળ કારીગરોની માંગને પહોંચી વળવા મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના હેઠળ ૧,૬૮,૮૭૩ એપ્રેન્ટીસોની ભરતી કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભાવેશભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ, રાજ્યના મુખ્ય સચિવશ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી કૈલાશનાથન, રોજગાર વિભાગના નિયામકશ્રી આલોક પાંડે મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાની, જિલ્લા કલેકટરશ્રી આયુષ ઓક, પોલીસ કમિશનરશ્રી અજય તોમર તેમજ લાભાર્થી ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

# આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે દેશભરમાં ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાઓ દ્વારા ૮૭ મોબિલાઈઝેશન કેમ્પ યોજાયા









## ૩૭.૮૧ લાખ ઉમેદવારોએ ૬૪ અભ્યાસક્રમોમાં તાલીમ લીધી અને ૨૬.૬૫ લાખ ઉમેદવારો RSETIs હેઠળ સ્વરોજાારમાં સ્થાયી થયા

કમલમ દૈનિક,

'અમૃત મહોત્સવ' ઉજવણીના ભાગરૂપે, ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાઓએ ૩૦ જુલાઈ અને ૫ ઓગસ્ટ, ૨૦૨૧ ની વચ્ચે દેશભરમાં ૮૭ 'એકત્રીકરણ શિબિરો નું આયોજન કર્યુ હતું. આઝાદી કા અમૃત મહોત્સવ એ સરકાર દ્વારા આયોજીત કાર્યક્રમોની શ્રેણી છે. ભારત આઝાદીની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી કરશે. મહોત્સવ દેશભરમાં જન-ભાગીદારીની ભાવનાથી જન-ઉત્સવ તરીકે ઉજવાશે. ૧૯ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૮૭ જિલ્લાઓમાં કુલ ૮૭ એકત્રીકરણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. મોબિલાઈઝેશન ડ્રાઈવ દરમિયાન, ભાગ લેનારાઓને તેઓ પસંદ કરી શકે તેવા વિવિધ અભ્યાસક્રમોથી વાકેફ કરવામાં આવ્યા હતા અને મોટી સંખ્યામાં આકર્ષવા માટે પ્લાન્ટેશન ડ્રાઈવ, માસ્ક અને રાશન વિતરણ વગેરે જેવી પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી હતી. કુલ ૩૭.૮૧ લાખ ઉમેદવારોને ૬૪ અભ્યાસક્રમો (૫૯ નેશનલ સ્કિલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (NSQF) ગોઠવાયેલા અને ૫ ર્ઈઇઢ મંજૂર)માં RSETIs હેઠળ તાલીમ આપવામાં આવી છે અને ૨૬.૬૫ લાખ ઉમેદવારો સ્વરોજગારમાં સ્થાયી થયા છે. આ કાર્યક્રમ હાલમાં ૨૮ રાજ્યો અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશોમાં અમલમાં છે જેમાં ૫૮૫ કાર્યરત RSETIs છે જે ૨૩ અગ્રણી બેંકો (જાહેર અને ખાનગી ક્ષેત્ર તેમજ કેટલીક ગ્રામીણ બેંકો) દ્વારા પ્રાયોજિત છે. RSETI (ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાઓ) કાર્યક્રમ ગ્રામીણ વિકાસ મંત્રાલય, રાજ્ય સરકારો અને પ્રાયોજક બેંકો વચ્ચે ત્રિ-માર્ગીય ભાગીદારી છે. બેંકોને તેમના મુખ્ય જિલ્લામાં ઓછામાં ઓછી એક RSETI ખોલવાનો આદેશ આપવામાં આવ્યો છે, જેથી ગ્રામીણ યુવાનોને સ્વરોજગારી/ઉદ્યોગસાહસિકતાનું સાહસ કરવા માટે તાલીમ આપવામાં આવે. RSETI પ્રોગ્રામ ટૂંકાગાળાની તાલીમ અને સાહસિકોના લાંબા ગાળાની સહાય અભિગમ સાથે ચાલે છે. ૧૮-૪૫ વર્ષની વયજૂથ વચ્ચેના ગ્રામીણ ગરીબ યુવાનો તાલીમમાં જોડાવા પાત્ર છે. RSETIs ગ્રામીણ ગરીબ યુવાનોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા અને તેમને કાર્યક્ષેત્ર અને ઉદ્યોગસાહસિક કુશળતાની તાલીમ આપીને નફાકારક ઉદ્યોગસાહસિકોમાં ફેરવવા માટે અગ્રણી તરીકે સ્થાપિત થયા છે. મોબિલાઈઝેશન કેમ્પ એ કાર્યક્રમનું એક અભિન્ન ઘટક છે કારણ કે આ સંભવિત ઉમેદવારો સુધી પહોંચવા અને તેમને યોજના અને તેની જોગવાઈઓ વિશે જાણ કરવાની પૂરતી તકો પૂરી પાડે છે. આવી ડ્રાઈવ દરમિયાન હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓમાં, ઉપસ્થિતોને સંખ્યાબંધ નાણાકીય રમતો રમાડવામાં જણાવવામાં આવે છે.

## તંત્રી સ્થાનેથી......

ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ મંત્રાલય વર્ષ ૨૦૦૮થી મેગા ફૂડ પાર્ક સ્કીમ (MFPS) અમલમાં મૂકી રહ્યું છે, જે હવે સેન્ટ્રલ સેક્ટર અમ્બ્રેલા સ્કીમ - પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના (PMKSY)ની એક ઘટક યોજના છે. આ યોજનાનો પ્રાથમિક ઉદેશ ફાર્મથી માર્કેટ સુધી વેલ્યુ ચેઈન સાથે ફૂડ પ્રોસેસિંગ માટે આધુનિક માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાનો છે. મંત્રાલયે ૩૮ મેગા ફૂડ પાર્કને અંતિમ મંજૂરી આપી છે અને દેશમાં ત્રણ મેગા ફૂડ પાર્કને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. તેમાંથી ૨૨ મેગા ફૂડ પાર્ક પ્રોજેક્ટ કાર્યરત કરવામાં આવ્યા છે અને ૧૯ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કામાં છે. દરેક મંજૂર થયેલા મેગા ફૂડ પાર્કમાં તેની સ્થાપનામાં સરેરાશ કુલ રૂ.૧૧૦.૯૨ કરોડનો ખર્ચ થાય છે. મંજૂર થયેલા એક મેગા ફૂડ પાર્કના કુલ ખર્ચમાં વિદેશી રોકાણ તરીકે ૫,૫૪,૯૮૮.૦૦ ડોલરનો સમાવેશ થાય છે. ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ રાજ્ય મંત્રી શ્રી પ્રહલાદ સિંહ પટેલે આજે રાજ્યસભામાં લેખિત જવાબમાં આ માહિતી આપી હતી.

# રાજયમા ઉપલબ્ધ થનારી વિવિધ રોજગારી માટે ડાંગના યુવાનોને સક્ષમ બનવાની હિમાયત કરતા ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ

## આહવા ખાતે યોજાયો 'રોજગાર દિવસ' ; ૨૦૪ યુવાનોને અપાયા નિમણુક પત્રો

કમલમ દૈનિક, આહવા

રાજયના તમામ ક્ષેત્રોના વિકાસ સાથે પ્રજાજનોની સુખાકારી માટે હમેશા ચિંતિતિ રાજય સરકારના પાંચ વર્ષના સુશાસનને કારણે આજે ગુજરાત દેશમા અનેક ક્ષેત્રે મોખરે છે, ત્યારે યુવાશક્તિની વ્યાપક ક્ષમતા ધરાવતા રાજયના યુવાનો અન્યો માટે પ્રોત્સાહક બને તેવી અપીલ કરતા ડાંગના


રીપોર્ટ -અમરનાથ જગતાપ-ડાંગ

ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે, સરકારે ઉપલબ્ધ કરાવેલી વિપુલ તકોનો લાભ લેવાનો અનુરોધ કર્યો હતો. નિમણુક મેળવનારા ઉમેદવારોને શુભેચ્છા પાઠવતા ધારાસભ્યશ્રીએ ડાંગ જિલ્લામા રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા ચાલી રહેલા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ, ભરતી મેળાઓ માટેના તાલીમ વર્ગોમા ભાગ લેવા માટેનો અનુરોધ કરીને, ડાંગ જિલ્લાના રોજગારવાંછુઓને ઘરઆંગણે જ રોજગારી મળી રહે તેવા કાયમી પ્રયાસો માટે રાજ્ય સરકાર, અને જિલ્લા વહીવટી તંત્ર સતત ચિંતા કરી રહ્યા છે, તેમ જણાવ્યુ હતુ. પ્રાકૃતિક ખેતી, પશુપાલન સહીત અહીના વન પર્યાવરણની જાળવણી સાથે ડાંગ જિલ્લામા ઘર આંગણે જ રોજગારી, સ્વરોજગારી મળી રહે તેવા હાથ ધરાયેલા સાનુકુળ પ્રયાસોની જાણકારી આપતા શ્રી વિજયભાઈ પટેલે વર્તમાન રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ ભરતી તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓમા આવેલા બદલાવનો ખ્યાલ આપીને, પારદર્શી વહીવટને કારણે વધેલી સ્પર્ધાત્મકતા સામે સખત પરિશ્રમ કરવાની પણ હિમાયત કરી હતી. આગામી સમયમા રાજયમા ઉપલબ્ધ થનારી વિપુલ રોજગારીની તકોનો લાભ લેવા માટે સક્ષમ બનવાનો અનુરોધ કરતા ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે ડાંગ જિલ્લામા છેલ્લા પાંચ વર્ષોમા હાથ ધરાયેલી કામગીરીનો ચિતાર પણ આપ્યો હતો. વિકાસને વરેલી રાજ્ય સરકારના સુશાસનના પાંચ વર્ષના સેવાયજ્ઞનો ખ્યાલ આપતા ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે તેમના પ્રાસંગિક વક્તવ્યમા યુવાઓ અને તેમની રોજગારી માટે ચિંતિતિ રાજ્ય સરકાર અનેકવિધ માધ્યમો દ્વારા યુવાઓ સુધી પહોંચી, પાત્રતા ધરાવતા ઉમેદવારોને રોજગારી પહોંચાડવાના પ્રયાસો કરી રહી છે. ત્યારે ટેકનોલોજીના આ સાંપ્રત સમયમા તકનીકી મર્યાદાઓ ધ્યાને લઈને છેવાડાના જરૂરિયાતમંદો સુધી પહોંચવાના સામુહિક પ્રયાસોની પણ હિમાયત કરી હતી. 'રોજગાર દિવસ' નિમિત્તે નિમણુક પત્રો મેળવનારા ઉમેદવારોને શુભકામના પાઠવતા ડાંગના અન્ય રોજગારવાંછુ યુવાનોને રોજગારી, સ્વરોજગારી બાબતે સતત જાગૃતિ દાખવી, ઉપલબ્ધ સુવિધાઓનો લાભ લેવાની પણ તેમણે આ વેળા હિમાયત કરી હતી. ઉલ્લેખનિય છે કે, આજના 'રોજગાર દિવસ' નિમિત્તે ડાંગ જિલ્લામા આ અગાઉ યોજાયેલા જુદા જુદા ભરતી મેળાઓમા ખાનગી ક્ષેત્રોમા પસંદગી પામેલા ૮૨ ઉમેદવારો સહીત, સરકારી કોલેજોના ભરતી મેળામા પસંદગી પામેલા ૧૦ ઉમેદવારો, એપ્રેન્ટીસશીપ યોજના હેઠળના ૭ એપ્રેન્ટીસ, ઉપરાંત ૧૪ શિક્ષણ સહાયકો, ૧ મદદનીશ ઈજનેર, ૧ ખેતીવાડી અધિકારી, અને ૮૯ જેટલા મધ્યાહ્ન ભોજન યોજનાના સંચાલકો, રસોઈયા, તથા મદદનીશની જગ્યા માટે પસંદ થયેલા ઉમેદવારો મળી કુલ ૨૦૪ ઉમેદવારોને નિમણુક પત્રો એનાયત કરાયા હતા. રોજગારવાંછુ ઉમેદવારોની નામ નોંધણી, ખાલી જગ્યાઓ સામે ઉમેદવારોની ભલામણ, કારકિર્દી માર્ગદર્શન, સહીત કાઉન્સેલિંગ જેવી અગત્યની સેવાઓ સાથે ડાંગ જિલ્લા રોજગાર કચેરી પ્રજાજનોની સેવામા કાર્યરત છે. આ કચેરી દ્વારા ડાંગના ઉમેદવારો માટે રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સને ૨૦૧૬/૧૭ થી સને ૨૦૨૧/૨૨ દરમિયાન કુલ ૧૩૨ ભરતી મેળાઓ યોજવામા આવ્યા હતા. જેમા ઉપસ્થિત રહેલા ૧૯૨ નોકરીદાતાઓ દ્વારા ૭૮૭૭ ઉમેદવારોને પસંદ કરી રોજગારી ક્ષેત્રે પ્રવૃત કરવામા આવ્યા છે. તા.૧લી ઓગસ્ટ, ૨૦૨૧ ની સ્થિતિએ આ કચેરી ખાતે ૨૭૫૬ રોજગારવાંછુ ઉમેદવારો નોંધાયેલા છે. આ ઉપરાંત સને ૨૦૧૬ થી સને ૨૦૧૯ દરમિયાન આયોજિત ૭ જેટલા લશ્કર/અર્ધ લશ્કરી દળો માટેના ભરતી પૂર્વેની નિવાસી તાલીમ વર્ગોમા તાલીમ મેળવીને, લશ્કરી ભરતી મેળામા કુલ ૧૪ ઉમેદવારોની પસંદગી થતા તેઓ આજે ભારતીય લશ્કરી દળમા સેવા આપી રહ્યા છે. ઉમેદવારોનુ કાઉન્સેલિંગ, વ્યક્તિગત માર્ગદર્શન, જૂથવાર્તા, જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓમા વાર્તાલાપ, સ્વરોજગાર શિબિરો, ઉપરાંત 'કોરોના કાળ' દરમિયાન ઓનલાઈન વેબિનારના માધ્યમથી પણ સેંકડો ઉમેદવારોને માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યુ છે. કાર્યક્રમની શરૂઆતે આહવા આઈ.ટી.આઈ. આચાર્યશ્રીએ કર્યો હતો, જયારે આભારવિધિ જિલ્લા રોજગાર અધિકારી શ્રી વિનોદ ભોયે એ આટોપી હતી. કાર્યક્રમ દરમિયાન ડાંગના રોજગારવાંછુ ઉમેદવારોને જો કોઈ મદદની જરૂરિયાત હોય તો, પોલીસ વિભાગ હમેશા તેમને મદદરૂપ થશે તેવી જાહેરાત જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા કરવામા આવી હતી. આહવાના ડાંગ દરબાર હોલ ખાતે 'સુશાસન ના પાંચ વર્ષ' જનસેવાના કાર્યોના સેવાયજ્ઞના છઠ્ઠા દિવસે યોજાયેલા 'રોજગાર દિવસ' કાર્યક્રમ પ્રસંગે આહવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીતી કમળાબેન રાઉત, વઘઈ તાલુકા પંચાયત પ્રમુખ, આહવા તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ શ્રી દીપક પિમ્પલે, ભાજપા પ્રમુખ શ્રી દશરથભાઈ પવાર, મહામંત્રી શ્રી હરિરામ સાવંત જિલ્લા કલેક્ટર શ્રી ભાવિન પંડયા, પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહજી જાડેજા, નિવાસી અધિક કલેકટર શ્રી પી.એ.ગામીત, સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ, હોદ્દેદારો, અને નિમણુક પામનાર ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની આયોજન, વ્યવસ્થા જિલ્લા રોજગાર અધિકારી શ્રી વિનોદ ભોયે તથા તેમની ટીમે સંભાળી હતી.

મહાનુભાવો તથા ઉપસ્થિત લાભાર્થીઓએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામા સુરત ખાતે યોજાયેલા 'રોજગાર દિવસ'ના કાર્યક્રમનુ જીવંત પ્રસારણ પણ નિહાળ્યુ હતુ.

# મોરબીના ૩૨૨ મહિલા સ્વસહાય જૂથને ૩૨૨ લાખની લોનના મંજૂરી પત્રો અર્પણ કરાયા

### મહિલાઓ આત્મનિર્ભર બની રાજયના વિકાસમાં સક્રિય ફાળો આપે તેવી સરકારની નેમ


રીપોર્ટ - મહેશ ડી સિંધવ-મોરબી

કમલમ દૈનિક,

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વને પાંચ વર્ષ પૂર્ણ થયાં તે નિમિત્તે મોરબી જિલ્લામાં "નારી ગૌરવ દિવસ" નિમિત્તે એપીએમસી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરના હસ્તે મોરબી જિલ્લાની ૩૨૨ મહિલા સ્વસહાય જૂથનો ૩૨૨ લાખ રૂપિયાની લોનની મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નારી શક્તિને વંદન કરી મંત્રી દિલીપકુમાર ઠાકોરે ઉપસ્થિત લાભાર્થીઓ મહિલાઓને સબંધોન કરતા જણાવ્યું હતુ કે, મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વથ હેઠળની સરકાર તમામ ક્ષેત્રે, તમામ સમાજનો સર્વાંગી વિકાસ થાય તેના માટે કટિબદ્ધ છે. સમાજમાં મહિલાઓનું સ્થાન ઊંચુ લાવવા મહિલા ઉત્થાનની અનેક યોજનાઓ અમલમાં લાવીને ખરેખર નારી શક્તિનું ગૌરવ વધાર્યું છે. વધુમાં મંત્રી દિલીપભાઈ ઠાકોરે જણાવ્યું કે, મહિલાઓ પગભર અને આત્મસનિર્ભર બની રાષ્ટ્ર અને રાજયના વિકાસમાં સક્રિય ફાળો આપે તે માટે મહિલાઓને પ્રાધન્યહ આપવામાં આવી રહયું છે. રાજયના વિકાસમાં સહભાગી થાય તે માટે ગ્રામિણ તેમજ શહેરી વિસ્તાંરની મહિલાઓના ઉત્થાન કરવા સરકાર તે દિશામાં પહેલ કરી રહી છે. મંત્રી દિલીપભાઈ ઠાકોરે વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકારે સખી મંડળોને મજબુત કરી, સ્વિનર્ભર બનાવી આર્થિક ઉત્થા ન થકી રાજયના વિકાસમાં મહિલાઓની સહભાગીતા વધે તે માટે હંમેશા કાર્યરત રહી છે. નારી ગૌરવને તેની ઊંચાઈઓ પર લઈ જવા માટે સખી મંડળોને વગર વ્યાજની એક લાખ રૂપિયાની લોન આપીને મહિલાઓના આર્થિક ઉન્નતિ થકી તેઓના જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવવામાં રાજ્ય સરકાર સફળ રહી છે. એટલું જ નહીં સખી મંડળોએ પણ કોરોના કાળમાં માસ્કમ, સેનેટાઈઝર, હેન્ડ ગ્લોઝ વગેરે બનાવીને સાબિત પણ કર્યું છે. વધુમાં એમ પણ જણાવ્યું કે, રાજય સરકાર દ્વારા સખી મંડળો, ગૃહ ઉદ્યોગ દ્વારા તૈયાર થયેલા ઉત્પાણદનના વેચાણ અને માર્કેટીંગની વ્યવવસ્થાો કરવા હેતુ વિવિધ સ્થારનો પર મેળાઓનું આયોજન પણ કરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત ગરીબ અને શ્રમિક મહિલાઓની પણ વિશેષ કાળજી લઈ તેઓના ઉત્થાન માટે રાજ્ય સરકાર સક્રિય રીતે કામ કરી રહી હોવાનું મંત્રીશ્રી દિલીપભાઈ ઠાકોરે જણાવ્યું હતું. આ તકે ધારાસભ્યે બ્રિજેશભાઈ મેરજાએ જણાવ્યું હતુ કે, રાજય સરકાર નારીશકિતને દૈદીપ્યામાન કરવા માટે અને સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહી છે. મહિલાઓને સ્થાપનિક સ્વકરાજયમાં ૫૦ ટકા અનામતો લાભ ઐતિહાસિક નિર્ણય કરી મહિલા શકિતને આવકારી છે.

# હળવદમાં કિસાન સન્માન દિવસની ઉજવણી, કિસાન સૂર્યોદય યોજના સહિતના કાર્યક્રમોનો શુભારંભ


રીપોર્ટ - મહેશ ડી સિંધવ-મોરબી

કમલમ દૈનિક,

તા.૫ મી ઓગસ્ટે 'કિસાન સન્માન દિવસહ્ન નિમિત્તે રાજયભરમાં કિસાન સૂર્યોદય યોજના અને સાત પગલા ખેડૂત કલ્યાણ યોજના અંતર્ગત ૧૨૫ જેટલા વિવિધ કાર્યક્રમોનો શુભારંભ કરાયો હતો. "કિસાન સુખી તો જ આપણે સૌ સુખીહ્નના દ્રઢ નિર્ધાર સાથે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વહેઠળ ટીમ ગુજરાત કાર્યરત''કિસાન સૂર્યોદય યોજના'' થકી ખેડૂતોના રાતના ઉજાગરા દૂર કરી દિવસે વીજળી આપી જંગલી જાનવરો સામે રક્ષણ આપ્યુ: અત્યાર સુધી ૪૦૦૦ ગામડાઓના ૩,૩૮,૦૦૦ જેટલાં ખેડૂતોને લાભ: આગામી સમયમાં તમામ ગામડાઓને આવરી લેવાનુ આયોજન "કિસાન સન્માન નીધિ યોજના'' હેઠળ ગુજરાતના ૫૯ લાખ કિસાનોના ખાતામાં રૂ.૭૯૫૧ કરોડ જમા થયા. હળવદ ખાતે કાર્યકમની શરૂઆત દીપ પ્રાગટય કરી શાબ્દિક સ્વાગત પ્રવચન ઉપસ્થિત મહાનુભાવો નું પુષ્પ ગુચ્છ અને પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ કચ્છ ભુજથી મુખ્ય મંત્રી વિવિધ કાર્યક્રમો નું જીવંત પ્રસારણ. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ખેતીવાડી લાભાર્થીઓ ને મુજંરી પત્રક વિતરણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનાં બ્રિજેશ ભાઈ મેરજા, ધારાસભ્ય મોરબી, ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ જયંતિ ભાઈ કવાડીયા, રણછોડભાઈ પટેલ. ચેરમેન માર્કેટિંગ યાર્ડ હળવદ, રમેશભાઈ પટેલ પ્રમુખ હળવદ નગરપાલીકા, રણછોડભાઈ દલવાડી મહામંત્રી મોરબી જિલ્લા ભાજપ, અજયભાઈ રાવલ પૂર્વ શહેર ભાજપ પ્રમુખ હળવદ, એ આર કોટડીયા કાર્યપાલક ઈજનેર, એમ પી મહેતા નાયબ ઈજનેર, જે ડી સોલાણી નાયબ ઈજનેર, એમ એન નિનામા નાયબ ઈજનેર, આર.આર શેખ નાયબ ઈજનેર, પી જી ઢોરીયાં નાયબ ઈજનેર, વગેરે પીજીવીસીએલ કર્મચારીઓ અધિકારીઓ સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઊઠાવી હતી

# સતત ત્રીજા વર્ષે ઈન્ડીયન લાયન્સ ક્લબ મોરબી ના પ્રેસિડેન્ટ નો તાજ. શ્રી ભાવેશભાઈ દોશીના સિરે...

કમલમ દૈનિક,


રીપોર્ટ - મહેશ ડી સિંધવ-મોરબી

રાષ્ટ્રભાવના સાથે સેવા ને વરેલી અને સમગ્ર મોરબી પંથકમાં સેવાકીય પ્રવૃત્તિ થી છેલ્લા ૨૨ વર્ષથી કાર્યરત અને લોકચાહના પામેલી તથા. લોકહિત ના કાર્યો કરતી ઈન્ડીયન લાયન્સ કલબ મોરબી ના પ્રમુખ તરીકે સતત ત્રીજી વખત શ્રી ભાવેશભાઈ દોશી (નગરપાલિકા)ની પસંદગી થયેલ છે..ઈન્ડીયન લાયન્સ ના ચીફ પેટ્રન માન.શ્રી હિતેશભાઈ પંડ્યા અને નેશનલ ચેરમેન શ્રી અક્ષયભાઈ ઠકકર.દ્વારા શ્રી ભાવેશભાઈ અને તેમની ટીમ દ્વારા ક્લબ ના છેલ્લા બે વર્ષના પરફોર્મન્સ અને સેવાકીય પ્રવૃત્તિ ને ધ્યાન માં રાખી અને કલબના થયેલા વિકાસ ને ધ્યાન માં રાખી ને આ નિર્ણય લીધેલ છે..આગામી તા.૮/૮/૨૧ ને રવિવાર ના રોજ સાંજે ૫/૩૦ કલાકે શિવ હોલ શનાલારોડ ખાતે યોજેલા સંગીતમય શપથગ્રહણ સમારોહ માં ઈન્ડીયન લાયન્સ નેશનલ વતી લાયોનેશ ના નેશનલ કનવીનર નીરૂપામાબેન વાગડીયા..નેશનલ વાઈઝ ચેરમેન શ્રી વનરાજ ગરૈયા..,તેમજ વેસ્ટ ઝોન ચેરમેન સુરેશભાઈ કટારીયા,અને નેશનલ ના જોઈન્ટ સેક્રેટરી શોભનાબા ઝાલા તેમજ મોરબી નગરપાલિકા પ્રમુખ કુસુમબેન પરમાર ઉપપ્રમુખ શ્રી જયરાજસિંહ જાડેજા.ચીફ ઓફિસર શ્રી ગીરીશભાઈ સરૈયા.તેમજ ઓમ શાંતિ ગ્રુપ ના શ્રી ટી.ડી.પટેલ સાહેબ સહિતના મહાનુભાવો ની ઉપસ્થિતિમાં યોજવામાં આવનાર છે.

# બે પાટીદાર દિકરીની હેટ્રીક-ફિલ્મ ડિરેક્ટર પ્રોડ્યુસર બની-ઉત્સાહી યુવા ટેલેન્ટ માટે બની પ્રેરણારુપ-બંને બહેનોનો દર્દનાક સંઘર્ષ


રિપોર્ટ-ડેવિડ પટેલ- મહેસાણા

કમલમ દૈનિક,

સફળતા ન મળતાં આજની યુવા પેઢી આત્મહત્યા કરી જીંદગીનો દર્દનાક અંત લાવી દેછે,જેઓ સંઘર્ષ કરવાની કે વિપરીત પરિસ્થિતિમાં લડવાની તાકાત ધરાવતા નથી.પરંતુ હિંમતનગર ખાતે રહેતી કડોલી ગામની બે યુવતીએ આપબળે જ ફિલ્મ પ્રોડ્યુસર અને ફિલ્મ ડીરેક્ટર બની ગુજરાતના યુવા ટેલેન્ટ માટે પ્રેરણારુપ બની છે.બાળપણથી જ લેખનનો શોખ ધરાવતી બંને બહેનોએ સફળતા હાંસલ કરતા પહેલાં દર્દનાક સંઘર્ષ કર્યો હતો.

કોણ છે - નિધિ પટેલ અને પુજા પટેલ

હિંમતનગર શહેરમાં રહેતા અને થ્રી ફેઝ ઈલેક્ટ્રીક અને ડીસ્ટ્રીબ્યુટર નો બીઝનેશ કરતા પ્રકાશ પટેલ મુળ કડોલી ગામના વતની છે.તેમના પરિવારમાં પત્નિ જાગ્રુતિબેન,પુત્રીઓ નિધિ અને હીના તથા પુત્ર પાર્થ છે.

ઉચ્ચ શૈક્ષણ પ્રાપ્ત કર્યુ

પ્રકાશ પટેલની પુત્રી નિધિ અને પુજા નાનપણથી જ ભણવામાં હોંશીયાર હતી.નિધિએ બી.ફાર્મ કર્યા બાદ એમબીએની ડીગ્રી મેળવી લીધી.જ્યારે પુજાએ આઈટીમાં માસ્ટરડીગ્રી હાંસલ કરી.પુત્ર પાર્થએ પણ ઈલેક્ટ્રીકલ ડીપ્લોમા ની ડીગ્રી મેળવી છે.

બાળપણથી જ ફિલ્મ પ્રોડક્સનનો શોખ

નિધિ અને પુજા બાળપણથી જ ભણવામા ખુબ હોંશીયાર હતા.બંને બહેનોને બાળપણથી જ ફિલ્મ પ્રોડક્સનનો શોખ હતો. ફિલ્મ કઈ રીતે બને ? એક્ટર્સ કેવા હોય ? કેમેરા કેવી રીતે કામ કરે ? મ્યુઝીક કેવી રીતે વાગે ? એક્ટીંગ કઈ રીતે થાય ? ફિલ્મની વાર્તા કોણ કેવી રીતે લખે ? ફિલ્મ કઈ રીતે પ્રોડ્યુસ થાય ? જેવા પ્રશ્નો બાળ માનશમાં સતત ઘુમારાયા કરતા હતા.સ્કુલમાં હતા ત્યારે બંને બહેનો વિવિધ વિષયો પર આર્ટીકલ લખીને ક્લાસ ટીચર્સને આપતા હતા.પરંતુ ક્લાસ ટીચર્સ બંને દિકરીમાં રહેલી ટેલેન્ટને નીગ્લેટ કરતા હતા,તેમને કોઈ પ્રોત્સાહન આપતા ન હતા.છતાં નિધિ અને પુજા સતત..નિરંત...અવિરત રીતે લેખન-વાંચનની કળાને આત્મસાત કરવા પ્રયત્નશીલ રહી.

ફિલ્મ પ્રોડ્યુસર-ડિરેક્ટર કઈ રીતે બન્યા ?

નિધિ અને પુજાએ ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત કરી પણ તેમને નોકરી કરવી ન હતી,તેમણે તો ફિલ્મ પ્રોડ્યુસર-ડિરેક્ટર બનવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો.બંનેએ સ્ટોરી કન્ટેન્ટ નક્કી કરી જાતે જ કેમેરા વર્ક કરી શુટીંગ કરવાનું શરુ કર્યુ.બંનેએ ફિલ્મ એડીટીંગ, ફિલ્મ મેકિંગ,મ્યુઝીક કંમ્પોઝ સહિતના વર્ક પર જાતે જ વર્ક શરુ કર્યુ.તેમણે શર્ટ ફિલ્મ બનાવવાની શરુઆત કરી.જે ઈન્ટર્નેશનલ એમી એવોર્ડ માટે સીલેક્ટ થઈ.તે સાથે જ તેમનામાં આત્મવિશ્વાસ અને ધગશ વધ્યા.

પિતાને મનાવવામાં એકવર્ષ એકવર્ષ લાગ્યું

નિધિ અને પુજા એ અભ્યાસ પુરો કર્યાબાદ પિતાને કહ્યું કે તેમને મુંબઈ જવું છે,બોલીવુડમાં કામ કરી ફિલ્મ પ્રોડ્યુસર અને ડિરેક્ટર બનવું છે.પુત્રીઓનો સંકલ્પ સાંભળી પ્રકાશભાઈને તેમને સ્પષ્ટ ના પાડી.જોકે માતા જાગ્રુતીબેનનો સપોર્ટ હોવાથી બંનેએ વિવિધ વિષયો પર ડોક્યુમેન્ટ્રી ફિલ્મ અને શોર્ટ ફિલ્મ ક્રિએટ કરી.પુત્રીઓની ટેલેન્ટ,ધગશ,આત્મવિશ્વાસ અને દ્રઢસંકલ્પ શક્તિ નીહાળી એકવર્ષ બાદ નિધી અને પુજાને મુંબઈ જવા પરવાનગી આપી.

લોકડાઉન-કોરોના નડ્યો

નિધિ અને પુજા મુંબઈ પહોંચ્યા.જ્યાં બોલીવુડમાં વર્ક મળે તે પહેલાં જ કોરોના આવ્યો.લોકડાઉન થતાં બંને દિકરી હિંમતનગર પરત આવી.

ૈંઉँછૈં શોર્ટ ફિલ્મનું કર્યું નિર્માણ

મુંબઈથી પરત આવ્યા બાદ નિધિ-પુજાએ હતાશ કે નિરાશ થયા વગર ફિલ્મ બનાવવાનો સંકલ્પ કર્યો.લોકડાઉનમાં ગુજરાતમાં રહેતા પરપ્રાંતિય શ્રમિકોને વતનમાં જવા સંઘર્ષ કરવો પડ્યો,દર્દનાક યાતનાઓ સહેવી પડી.તે વિષય પર ફિલ્મ બનાવવાનો આઈડીયા મળી ગયો.બંનેએ તુરત જ સ્ટોરી રાઈટીંગ પર વર્ક શરુ કર્યું.તે સાથે જ લોકલ થીયેટર આર્ટીસ્ટને લઈ ફિલ્મ ક્રિએટ કરવાનું વર્ક શરુ કર્યું.બંનેએ ૈંઉँછૈં શોર્ટ ફિલ્મ બનાવી.જે સ્ઠ઼ન્છરૂછઈ પર અપલોડ કરી.

પ્રી પ્રોડક્સન-પોસ્ટ પ્રોડક્સન માં માહેર બની

નિધિ ફિલ્મનું પ્રી પ્રોડકસન અને પુજા પોસ્ટ પ્રોડકસન વર્ક માં માહેર બની ચુકી છે.સ્ટોરીરાઈટીંગ,એક્ટીંગ,ડિરેક્ટસ,કેમેરાવર્ક,પ્રોડક્સન,મ્યુઝીક કંમ્પોઝ,વિડિયો એડીટીંગ સહિતનું તમામ વર્ક બંને જાતે જ કરે છે.ઉપરાંત લાઈટીંગ વર્ક પણ બેખુબી કરી જાણે છે.

કોમ્પ્રોમાઈઝ ક્યારેય ન કરો : નિધી-પુજા

દર્દનાક સંઘર્ષ બાદ સફળતા પ્રાપ્ત કરનાર નિધિ અને પુજા કહે છે કે બોલીવુડ કે કોઈપણ ક્ષેત્રમાં ઝડપથી સફળતા મેળવવા માટે યુવાનો-યુવતીઓ ક્યારેક કોમ્પ્રોમાઈઝ પણ કરી લેતા હાય છે.ક્યારેય પણ કોમ્પ્રોમાઈઝ ન કરો,તમારામાં રહેલી ટેલેન્ટને બહાર લાવો,સંઘર્ષ કરો.સફળતા મેળવવા માટે બોલીવુડ કે કોઈ ચોક્કસ સ્થાનો પર જવાની જરુર નથી.જ્યાં છો ત્યા તમે વર્ક શરુ કરી દો.ભલે તુરત જ સફળતા ન મળે,પણ પાછું ડગલું ન ભરો.યાદ રાખો કે ફર્સ્ટ યોર સેલ્ફ એન્ડ એક્સેલન્ટ સ્ટોરી જ હીરો છે.

મુવી બનાવી રહી છે નિધિ-પુજા

નિધિ અને પુજા થોડા સમયમાં જ ફિલ્મ બનાવશે.જેના માટે લોકલ આર્ટીસ્ટ,જરુરીયાતવાળા આર્ટીસ્ટ અને જેમનામાં ટેલેન્ટ હશે તેમને જ ટીમમાં લેવામાં આવશે.અમારી ભવિષ્યમાં ક્રિએટ થનારી પ્રત્યેક ફિલ્મમાં શુદ્ધ મનોરંજન હશે,સમાજને સંદેશ

# યુવાનોને કૌશલ્યથી સક્ષમ બનાવી રોજગારીની તકો પૂરી પાડવા માટે આ સરકાર પ્રયત્નશીલ છે........ મહિલા આયોગના ચેરમેન શ્રી લીલાબેન અંકોલિયા

કમલમ દૈનિક, ગાંધીનગર

યુવાનોને કૌશલ્યથી સક્ષમ બનાવી રોજગારીની તકો પૂરી પાડવા માટે આ સરકાર પ્રયત્નશીલ છે, તેવું આજરોજ જનસેવા કાર્યોના સેવાયજ્ઞના છઠ્ઠા દિવસે કલોલ ખાતે યોજાયેલ રોજગાર દિવસમાં ઉપસ્થિત મહિલા આયોગના અધ્યક્ષ શ્રી લીલાબેન અંકોલિયાએ જણાવ્યું હતું. કલોલ ખાતે યોજાયેલ ગાંધીનગર જિલ્લા કક્ષાના રોજગાર દિવસ કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલા આયોગના ચેરમેન શ્રી લીલાબેન અંકોલિયાએ વધુમાં કહ્યું હતું કે, પ્રત્યેક યુવાનને રોજગાર મળે, તેવો દૃઢ નિર્ધાર રાજય સરકારે કર્યો છે. સરકાર દ્વારા રાજયના તમામ તાલુકા કક્ષાએ આઈ.ટી.આઈ.નું નિર્માણ કરતા યુવાનોમાં તેના થકી સ્કીલ ડેવલોપમેન્ટ થયું છે. જેથી ગ્રામ્ય કક્ષાએ પણ યુવાનો

### રોજગાર દિવસ નિમિત્તે ગાંધીનગર જિલ્લાના ૩ હજારથી વધુ યુવાનોને નોકરીના નિમણૂંક પત્રો એનાયત કરાયા



ઈલેકટ્રીક, પલ્મબર જેવા અન્ય રેપીરીંગ કામ અને યુવતીઓ સિવણ, બ્યુટીપાર્લર જેવા કામો શીખીની સરળતાથી રોજગારી મેળવી રહી છે. તે ઉપરાંત શ્રમ રોજગાર વિભાગ હસ્તકની રોજગાર કચેરીઓ દ્વારા આર્મીમાં જવા માટેની પૂરતી તાલીમ આપવાથી યુવાનો આ દિશામાં પણ રોજગાર મેળવી રહ્યા છે. રોજગાર કચેરીઓ દ્વારા ખાનગી કંપનીઓ અને રોજગારવાંચ્છુક યુવાનો વચ્ચે સેતુ બની યુવાનોને રોજગારી આપવા માટેની ઉમદા ભૂમિકા અદા કરી છે. તેમણે ઉમેર્યું હતું કે, રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા કોરોનાકાળમાં પણ રોજગાર વાંચ્છુક યુવાનોને રોજગારની તકો આપવા માટે ઓનલાઈન રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવતું હતું. તેમજ રોજગાર સેતુ કોલ સેન્ટર થકી પણ રોજગાર – કારકિર્દીલક્ષી માહિતી રોજગારવાંચ્છુક યુવક- યુવતીઓને આપી છે. આજથી આરંભ કરવામાં આવેલ અનુબંધમ મોબાઈલ એપ તથા પોર્ટલની માહિતી આપતાં આયોગના ચેરમેન શ્રી લીલાબેન અંકોલિયાએ કહ્યું હતું કે, આ એપ થકી નવયુવાનો પોતાના નામની નોંધણી ઓનલાઈન કરી શકશે. તેમજ ઉપલબ્ધ રોજગારની તકો શોધી શકશે. નોકરીદાતાઓ સ્કીલ અને અનસ્કીલ ધરાવતા રોજગારવાંચ્છુક યુવાનોને શોધી શકશે. રોજગારવાંચ્છુક ઉમેદવારો ખાલી જગ્યાઓ પર રોજગારી મેળવવા માટે અરજી કરી શકશે.

આ પ્રસંગે ગુજરાત રાજય મહિલા આયોગના ચેરમેન શ્રી લીલાબેન અંકોલિયા અને મહાનુભાવોના હસ્તે ૩, ૧૬૧ નવયુવાનોને સરકારી – ખાનગી નોકરી માટેના નિમણૂંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતો. સર્વે મહાનુભાવોએ તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પણ પાઠવી હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, કલોલ નગરપાલિકા પ્રમુખ શ્રી ઉર્વશીબેન પટેલ, રોજગાર અધિકારી શ્રી વી.એસ.પાંડોર સહિત આમંત્રિત મહાનુભાવો અને રોજગારી મેળવનાર યુવક-યુવતીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## માસુમ બાળકીને વેચી દેવાનો કારસો નિષ્ફળ-કેર ટેકર મહિલાએ કર્યો હતો સોદો-પોલીસની સતર્કતાએ બાળકીને બચાવવી




કમલમ દૈનિક,

અમદાવાદમાં રહેતા પરિવારની માસુમ બાળકીનું અપહરણ કરી બંગાળના પરિવારને વેચી દેવાનો કારસો ચાંદખેડા પોલીસની સતર્કતાના કારણે નિષ્ફળ નીવડ્યો છે.ડીસીપી ઝોન-૨ વિજય પટેલ અને ચાંદખેડા પોલીસે માસુમ બાળકીને બચાવી લીધી છે.આયા ( કેરટેકર) તરીકે રહેતી મહિલા જ બાળકીનું અપહરણ કરી ભાગી છુટે તેના ગણતરીના કલાકો માંજ કારસો નિષ્ફળ બનાવ્યો હતો ઓન લાઈન સેવા લેનાર લોકોને ચેતવણી આપતી ઘટના બની છે.લોકોએ પણ સતર્કતા અને સાવધાની રાખવી જરુરી છે.

**ડીસીપી વિજય પટેલ ચોંકી ઉઠ્યા**

અમદાવાદ શહેરના ઝોન ડીસીપી વિજય પટેલ પર બંગાળન જલપાઈગુરી પોલીસનો કોલ આવ્યો,પોલીસ અધિકારીએ કહ્યું કે ચાંદખેડા વિસ્તારના સોલારીસ એપાર્ટમેન્ટમાં રહેતા એક પરિવારે તેમની પુત્રી અમારા વિસ્તારમાં રહેતા દંપતિને દત્તક આપવાનું કહ્યું છે,પરંતુ દત્તક લેવા માંગતા પરિવારને શંકાકુશંકાઓ છે.બંગાળની પોલીસની વાત સાંભળી ડીસીપી ઝોન-૨ વિજય પટેલ ચોંકી ઉઠ્યા.એકપણ ક્ષણનો વિલંબ કર્યા વગર ઘટનાની ગંભીરતા દાખવી ચાંદખેડા પોલીસ સ્ટેશનના પીઆઈ કે વી પટેલને તપાસ કરવા આદેશ કર્યો.

**પોલીસને જોતાં જ મહિલા ફફડી ગઈ**

ચાંદખેડા પોલીસ ઈન્સ્પેક્ટર કે વી પટેલ તુરત જ ટીમ સાથે સોલારીસ એપાર્ટમેન્ટમાં રહેતા અભિજીત સેનના ઘરે પહોંચી ગયા.પીઆઈ કે વી પટેલે ઘરમાં તપાસ કરતાં કેર ટેકર તરીકે કામ કરતી મહિલા અને બાળકી ઘરમાં હતા.પીઆઈ કે વી પટેલે નોંધ્યું કે મહિલાના ચહેરા પર છુપો ડર છે,તે પોલીસ જોતાં જ ફફડી ઉઠી છે.પીઆઈ કે વી પટેલે મહિલા પાસે અભિજીત સેનને કોલ કરાવ્યો.પીઆઈએ ફોન પર અભિજીત સેનને સીધો જ સવાલ કર્યો કે તમે તમારી દિકરી દત્તક આપવા માંગો છો ? પીઆઈના સવાલથી અભિજીત પણ ચોંકી ઉઠ્યા.

**કેરટેકર બીન્દુ ના કારસાનો પર્દાફાશ**

કેર ટેકર તરીકે કામ કરતી બીન્દુ નામની મહિલાને તુરત જ પોલીસ સ્ટેશન લાવવામાં આવી.પોલીસે પુછપરછ શરુ કરી.બીન્દુએ ચોંકાવનારી કબુલાત કરી કે તેણે મહારાષ્ટ્રમાં રહેતા પ્રશાંત સાથે બાળકીને વેચી મારવાનો કારસો ઘડ્યો હતો.પોલીસે બીન્દુના મોબાઈલ ફોનમાં રહેલા વોટ્સએપ ગ્રુપ તપાસ્યા હતા.જેમાં બીન્દુએ બાળકીના ફોટા પાડી પ્રશાંતને વોટ્સએપ મારફતે મોકલ્યા હોવાના પુરાવા મળ્યા હતા.

**કેરટેકર બીન્દુએ કર્યો હતો સોદો**

કેર ટેકર તરીકે બે માસથી અભિજીતના ઘરે રહેતી બીન્દુએ પ્રશાંત સાથે સોદો કર્યો હતો.પ્રશાંતે બંગાળમાં રહેતા એક પરિવાર સાથે સંપર્ક કરી બાળકીને દત્તક આપવાનો સોદો કર્યો હતો.બાળકીનું અપહરણ કરી ભાગી છુટવા માટે બિન્દુએ ટ્રેનની ટીકીટ પણ બુક કરાવી હતી.

**જો પોલીસ ૧૨ કલાક મોડી પહોંચી હોત તો**

બંગાળના પરિવારને શંકાકુશંકા ઉપજતાં જલપાઈગુડી પોલીસને જાણ કરી હતી.બંગાળની પોલીસે તુરત જ ડીસીપી વિજય પટેલને જાણ કરી હતી.જેના કારણે ચાંદખેડા પોલીસ બાળકીના ઘરે પહોંચી હતી.ચોંકાવનારી બાબત એ હતી કે બીન્દુ બાળકીનું અપહરણ કરી ભાગી છુટવાની પેરવામાં હતી,તેણે ટ્રેનની ટીકીટ પણ બુક કરાવી હતી.જો પોલીસ ૧૨ કલાક મોડી પહોંચી હોત તો બાળકીનું અપહરણ કરી બીન્દુ ભાગી છુટી હોત.

**પરિવારની સતર્કતા સરાહનીય**

માસુમ બાળકીને દત્તક લેવાનું નક્કી કરાયું હતું.જોકે દત્તક લેનાર દંપતિએ એક શરત મુકી હતી કે બાળકીને દત્તક આપનાર માતાપિતા સાથે વાત કરાવવી.આથી પ્રશાંતે શરત મુજબ બિન્દુ અને તેના પતિ અમિત સાથે દંપતિને વાત કરાવી હતી.દંપતિએ બિન્દુને બાળકીની જન્મ તારીખ તથા જન્મ ના સ્થળ અંગે સવાલ કરતાં જ બિન્દુ થોથવાઈ ગઈ હતી.જેના કારણે દત્તક લેનાર દંપતિને શંકાઓ જન્મી હતી.જેમણે બંગાળ પોલીસને જાણ કરી હતી.

**હોમ સર્વિસ કંપનીમાંથી કરી હતી હાયર**

ચાંદખેડા વિસ્તારમાં રહેતા અભિજીત અને તેમના પત્નિ નોકરી કરે છે.તેમની બાળકીને સાચવવા માટે કેર ટેકર ( આયા )ની જરુરીયાત હોવાથી ઓન લાઈન હોમ સર્વિસ કંપનીનો સંપર્ક કર્યો હતો.જે કંપની દ્વારા બિન્દુને પ્રતિમાસ ૧૮,૦૦૦ રુપીયાના પગારથી નોકરી પર રાખી હતી.

**ઓન લાઈન ફ્રોડ થાય છેઃડીસીપી વિજય પટેલ**

ડીસીપી વિજય પટેલ નાગરીકોને સતર્ક અને સાવધાન રહેવા અનુરોધ કરતાં કહે છે કે,અભિજીત જેવા લોકો સેવા મેળવવા કે કર્મચારી રાખવા માટે ઓન લાઈન સર્ચ કરતા રહે છે.ઓન લાઈન ફ્રોડ કરતી કંપનીઓ પણ બહુ સક્રિય છે.જો કોઈ અજાણી વ્યક્તિને નોકરી રાખો તો તુરત જ પોલીસ વેરીફીકેશન કરાવો,કેર ટેકર,ઘરઘાટી,ડ્રાઈવર,નોકર કે અન્ય કર્મચારીને નોકરી પર રાખો તો પોલીસને જાણ કરો.અજાણી વ્યક્તિને ઘરમાં ન રાખો,નોકરી કરતા લોકો પણ તક મળતાં જ અપહરણ,હત્યા,લુંટ,ચોરી અને તફડંચી જેવા ગુનાઓ આચરી ફરાર થઈ જતા હોય છે.નોકરી રાખનાર દરેક લોકોને અનુરોધ કરીએ છીએ કે ઓન લાઈન મેન પાવર સપ્લાય કરતી કંપનીઓ અને તેમના દ્વારા નોકરી પર રાખવામાં આવતા કર્મચારીઓ અંગે પોલીસને તુરત જ જાણ કરવી,તો ઘણા ગંભીર ગુનાઓ બનતા અટકી જશે.

## ધર્માચાર્ય બનવું સહેલું છે, ધર્માચારી બનવું કઠિન છે." – પ્રફુલભાઈ શુકલ



કમલમ દૈનિક, વલસાડ, રિપોર્ટ : સીમા ભટ્ટાચાર્ય

ડાંગના કોરોના મૃતકોને સ્મરણાર્થે પ્રયોશા પ્રતિષ્ઠાન પૂ.પી.પી.સ્વામી દ્વારા યોજાયેલી કથાકાર પ્રફુલભાઈ શુકલની ભાગવત કથામાં આજે ગોવર્ધનપૂજા ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો.વિમલભાઈ કપીલદેવ ભટ્ટ (તીઘરા) અને અલ્પેશભાઈ હર્ષદરાય ભટ્ટ (સલવાવ) ના યજમાન પદે ભગવાન ગોવર્ધનનાથજીની પૂજા કરવામાં આવી હતી.વ્યાસપીઠ પરથી ધર્મની વ્યાખ્યા સમજાવતા કથાકાર શ્રી પ્રફુલભાઈ શુકલ એ કહ્યું હતું કે ધાર્મિક દેખાવા કરતા ધાર્મિક બનવાની જરૂર વધારે છે.ધર્માચાર્ય બનવું સહેલું છે.પણ ધર્માચાર્ય બનવું કઠિન છે.ભૂખ્યા ને અન્ન આપવું એ જ સાચો ધર્મ છે.જલારામબાપા અને બજરંગદાસ બાપા એનું તાદશ પ્રમાણ છે. યોગની ઓથમાં ભોગ પોષાતો હોય તો એ યોગ રોગ જ જન્માવે છે.૧૦૮ પ્રકારના શિવલીંગ શાસ્ત્રોમાં બતાવ્યા છે.એમાં પાર્થિવ શિવલીંગ સર્વશ્રેષ્ઠ છે.ધર્મકાર્યમાં આડો આવે એ જ સમાજનું મોટું "સુતક" છે.ધર્મકાર્યમાં હરીફાઈ નહિ પણ હૈયાનો ભાવ હોવો જોઈએ.સંસાર છોડ્યા પછી પણ આશ્રમો બનાવાની લાલસા ના જાતી હોય તો વૈરાગ્યનો દંભ કરવાનો કોઈ અર્થ નથી.'પરોપકરાય પુણ્યાય, પાપાય પરપીડનમ' એજ પરમ સત્ય છે લિંગા હાઈસ્કુલ ના સ્વામી સરજુ દાસ આચાર્ય અશોકભાઈ ભોંય ઉપસ્થિત રહ્યા હતા .ભારતીબેન સુરેશભાઈ પટેલ (પડઘા) દ્વારા ટેલીફોનિક સંકલ્પ થી પૂજા કરવામાં આવી હતી.આવતીકાલે રૂક્ષ્મણી વિવાહ પ્રસંગમાં શ્રી કૌશિકભાઈ નાનુભાઈ ટંડેલ (ભાગડાવાડા,કોસંબા) અને શ્રી રિતેશભાઈ રમેશભાઈ પટેલ (વરાછા) યજમાન પદે રહેશે.

## ગુજરાત સરકાર દ્વારા " રોજગાર દિવસ " ની ઉજવણી કરવામાં આવી



કમલમ દૈનિક,

ગુજરાત સરકાર દ્વારા " રોજગાર દિવસ " ની ઉજવણી કરવામાં આવી રહી છે જે અંતર્ગત ગુજરાત સરકારના માંન. મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર સાહેબ ની વિશેષ ઉપસ્થિતિમાં ગોધરા સરદાર નગર ખંડ ખાતે જીલ્લા કક્ષાના " રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં જીલ્લા ના વિવિધ વિભાગો સહિત અન્ય ક્ષેત્રો માં રોજગારી પ્રાપ્ત કરેલ નવ યુવાનોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જીલ્લા પ્રભારી શ્રી રાજેશભાઈ પટેલ,જીલ્લા પંચાયત ના પ્રમુખ કુ.કામનીબેન સોલંકી,જીલ્લા ભાજપ પ્રમુખ શ્રી અશ્વિનભાઈ પટેલ, ગોધરા વિધાનસભા ના ધારસભ્ય શ્રી સી.કે રાઉલજી,કાલોલ વિધાનસભા ના ધારસભ્ય શ્રીમતી સુમનબેન ચૌહાણ,મોરવા હડફ વિધાનસભા ના ધારસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથાર, જીલ્લા મહામંત્રી શ્રીઓ શ્રી મયંકભાઈ દેસાઈ, શ્રી કુલદીપસિંહ સોલંકી,જીલ્લા ઉપપ્રમુખ શ્રી ડૉ યોગેશભાઈ પંડ્યા,ન્યાય સમિતિ ચેરમેન શ્રીમતી મણીબેન રાઠોડ, સહિત સંગઠન ના સૌ હોદેદારશ્રીઓ કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ડાંગ જિલ્લામાં ઝરમર વરસાદ વચ્ચે કુદરતી સૌંદર્ય સોળે કળા એ ખીલી ઉઠયું છે.




### કુદરતે મનમૂકીને સાપુતારામાં સૌંદર્ય વિખેર્યું હોય તેવા દ્રશ્યો દેખાતા ગુજરાત પ્રવાસન વિભાગે પ્રવાસન મંત્રી જવાહર ચાવડાની ઉપસ્થિતિમાં કોવિડ ગાઈડલાઈન્સ મુજબ કેટલાક નિયમો સાથે મોન્સૂન ફેસ્ટિવલ ૨૦૨૧ ની શરૂઆત કરી પ્રવાસીઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું

કમલમ દૈનિક,

કોરોનાની પ્રથમ લહેરમાં ચુસ્ત લોકડાઉન ને લઈને વર્ષ ૨૦૨૦માં મોનસૂન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું નહતું જેના કારણે પ્રવાસીઓના નારાજ થયા હતા. જોકે આ વર્ષ ત્રીજી લહેર ની આશનક વચ્ચે પણ સાપુતારા આવતા પર પ્રવાસીઓને મનોરંજન પૂરું પાડવા માટે ખાસ કેટલાક નિયમો સાથે મોનસૂન ફેસ્ટીવલનું આયોજન કર્યું છે. સર્પગંગા તળાવ ના કિનારે મોટા ડોમમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત ન થાય એ રીતે અને ખુલા આકાશ નીચે ઓડિટોરિયમ ૧૫૦ લોકો બેસીને રંગારંગ અને સાંસ્કૃતિ કાર્યક્રમ માણી શકે એ મુજબનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૫૦ થી વધારે લોકોના પ્રવેશ ઉપર પ્રતીબન્ધ મુકવામાં આવયો છે. ફરજિયાત માસ્ક સાથે મર્યાદિત સંખ્યા માં પ્રવાસીઓએ કાર્યક્રમની મજા માણી હતી. ફેસ્ટિવલ સાથે લોકોને રોજગારી મળી રહે તે માટે ખાસ બોટિંગ હાઉસ નજીક હસ્તકલા બજાર ખુલ્લું મુકવામાં આવ્યું છે. જેમાં પ્રવાસીઓ ગ્રામીણ લોકોએ બનાવેલ વસ્તુઓ ખરીદી શકે તેમ આયોજન કરવામાં આવ્યું છે. ફેસ્ટિવલમાં ઉપસ્થિત પ્રવાસન મંત્રી જવાહર ચાવડાએ કહ્યું હતું કે ગત વર્ષે મોન્સૂન ફેસ્ટિવલ કરી શક્યા ન હતા જોકે આ વર્ષે આયોજન કર્યુ અહીંયા આવીને જોતા એવું લાગે છે કે નિર્ણય બરાબર છે.ઉલખનિય છે કે ૧૦ વર્ષ પહેલાં સાપુતારા ખાતે પ્રવાસીઓને આકર્ષવા અને સ્થાનિક લોકોને રોજગારી મળી રહે તે માટે શરૂ કરવામાં આવેલ મોનસૂન ફેસ્ટિવલ નો હેતુ સિદ્ધ થયો છે. પહેલા સાપુતારા માં પ્રવાસીઓને બોલાવવા પડતા હતા જ્યારે આજે ખૂબ મોટી સનખ્યામાં પ્રવાસીઓ આવે છે.મોન્સૂન ફેસ્ટિવલ માં યોજાયેલ કાર્યક્રમ માં વિવિધ ગુજરાતી સંસ્કૃતિના રમઝટ થી ઉપસ્થિત શ્રોતાઓને ડોલાવ્યા હતા. આ કાર્યક્રમમાં ટુરિઝમ વિભાગના નીરવ મુનશી, પ્રાંત અધિકારી કાજલબેન ગામીત,સહિત મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા

## વેબ પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશન "અનુબંધમ"નું ટાઉનહોલ, એ.પી.એમ.સી, વિરમગામ-અમદાવાદ ખાતે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ચેરમેનશ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબના વરદ હસ્તે લોકાર્પણ



કમલમ દૈનિક,

૫ (પાંચ) વર્ષ આપણી સરકારના- '' સૌનો સાથ – સૌનો વિકાસના'' ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આયોજીત '' રોજગાર દિવસ'' નિમિતે મેગા જોબ ફેર અને નિમણૂક પત્રોનું વિતરણ તથા રોજગારી માટેના વેબ પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશન "અનુબંધમ"નું ટાઉનહોલ, એ.પી.એમ.સી, વિરમગામ-અમદાવાદ ખાતે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ચેરમેનશ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. તેમના વરદહસ્તે યુવાનોને રોજગાર એનાયતપત્રો આપવામાં આવ્યા હતા. યુવાનોને રોજગારી આપવામાં અગ્રેસર ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના રોજગારીની લગતા અનેક વિકાસલક્ષિ યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્યશ્રી વજુભાઈ ડોડીયા, પૂર્વ ધારાસભ્ય સુ.શ્રી તેજશ્રીબેન પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રીશ્રી સુરેશભાઈ પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રીશ્રી નવદીપભાઈ ડોડીયા, પ્રાંત અધિકારીશ્રી દીપેશ કેડીયા(IAS), ટીડીઓ સુ.શ્રીબેન રૂચિ બિંદાલ(IAS), શહેર ભાજપ પ્રમુખશ્રી નરેશભાઈ શાહ, તાલુકા ભાજપ પ્રમુખશ્રી કિરીટસિંહ ગોહિલ, તાલુકા પંચાયત પ્રમુખ સુ.શ્રી રેખાબેન પટેલ, નગરપાલિકા પ્રમુખશ્રી ચેતનભાઈ રાઠોડ, નગરપાલિકા ઉપપ્રમુખ સુ.શ્રી રેખાબેન ઠક્કર, જીલ્લા પંચાયત સદસ્ય શ્રી વિષ્ણુભાઈ જાદવ, જીલ્લા પંચાયત સદસ્ય શ્રી પ્રમોદભાઈ પટેલ તેમજ ઉધોગના પ્રતિનિધિઓ અને લાભાર્થી ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા.

# ડો. વીરેન્દ્ર કુમાર ૭ ઓગસ્ટના રોજ 'PM-DAKSH' પોર્ટલ અને 'PM-DAKSH' મોબાઈલ એપ લોન્ચ કરશે '

**PM-DAKSH' પોર્ટલ કૌશલ્ય વિકાસ કાર્યક્રમો સંબંધિત તમામ માહિતી આપશે, જે પ્રધાનમંત્રી દક્ષ અને કુશળતા સંપન્ના હિતગ્રહી (PM-DAKSH) યોજના અંતર્ગત પૂરી પાડવામાં આવેલ છે, જે અનુસૂચિત જાતિ, પછાત વર્ગ અને સફાઈ કર્મચારીઓ માટે એક જ જગ્યાએ ઉપલબ્ધ છે**



કમલમ દૈનિક,

કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડો.વીરેન્દ્ર કુમાર ૭ ઓગસ્ટ, ૨૦૨૧ ના રોજ નાલંદા ઓડિટોરિયમ, ડો.આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર, દિલ્હી ખાતે 'PM-DAKSH' પોર્ટલ અને 'PM-DAKSH' મોબાઈલ એપ લોન્ચ કરશે. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયે, NeGDના સહયોગથી, પછાત વર્ગો, અનુસૂચિત જાતિઓ અને સફાઈ કર્મચારીઓના લક્ષ્ય જૂથો માટે કુશળતા વિકાસ યોજનાઓને સુલભ બનાવવા માટે આ પોર્ટલ અને એપ્લિકેશન વિકસાવી છે. આ પહેલના ગુણ દ્વારા લક્ષિત જૂથોના યુવાનો હવે વધુ સરળતાથી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમોનો લાભ મેળવી શકશે. પ્રધાનમંત્રી દક્ષ અને કુશળતા સંપન્ન હિતગ્રહી (PM-DAKSH) યોજના વર્ષ ૨૦૨૦-૨૧ થી સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા અમલમાં મુકવામાં આવી રહી છે. આ યોજના હેઠળ, પાત્ર લક્ષ્ય જૂથને (i) અપ-સ્કિલિંગ/રિ-સ્કિલિંગ (ii) ટૂંકા ગાળાના તાલીમ કાર્યક્રમ (iii) લાંબા ગાળાના તાલીમ કાર્યક્રમ અને (iv) ઉદ્યોગસાહસિકતા વિકાસ કાર્યક્રમ (EDP) પર કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમો આપવામાં આવી રહ્યા છે. આ પ્રસંગે રાજ્ય, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી રામદાસ આઠવલે, શ્રી એ. નારાયણસ્વામી અને સુશ્રી પ્રતિમા ભૌમિક ઉપસ્થિત રહેશે. શ્રી આર. સુબ્રમણ્યમ, સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ આ કાર્યક્રમમાં ભાગ લેશે.

# પરીક્ષણ બતાવે છે કે નેનો યુરિયા ખેડૂતોના પાકની ઉપજમાં વધારો કરી શકે છે અને નાઈટ્રોજનને ૫૦%સુધી બચાવી શકે છે



**નેશનલ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (એનએફએલ) અને રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (આરસીએફ) એ નેનો યુરિયાના ઉત્પાદન માટે ટેકનોલોજી ટ્રાન્સફર માટે ઈફ્કો સાથે સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કર્યા**

કમલમ દૈનિક,

નેનો-ફર્ટિલાઈઝર કદ-આધારિત ગુણો, ઉચ્ચ સપાટી-વોલ્યુમ ગુણોત્તર અને અનન્ય ગુણધર્મોને કારણે છોડના પોષણમાં ઉપયોગ માટે બહુ મહત્વ ધરાવે છે. નેનો-ખાતરો નિયંત્રિત રીતે છોડના પોષક તત્વોને બહાર કાઢે છે જે ઉચ્ચ પોષક ઉપયોગની કાર્યક્ષમતામાં ફાળો આપે છે. ડાંગર, ઘઉં, સરસવ, મકાઈ, ટામેટા જેવા વિવિધ પાકો પર 7 ICAR સંશોધન સંસ્થા/રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓમાં નેશનલ એગ્રીકલ્ચર રિસર્ચ સિસ્ટમ (NARS) દ્વારા રવિ/ÍiË 2019-20 દરમિયાન હાથ ધરવામાં આવેલા નેનો નાઈટ્રોજન (IFFCO દ્વારા વિકસિત નેનો યુરિયા) ના પ્રાયોગિક પરીક્ષણો કોબી, કાકડી, કેપ્સિકમ, ડુંગળી વગેરે કૃષિવિષયક રીતે યોગ્ય જણાયા હતા જે દર્શાવે છે કે નેનો નાઈટ્રોજન (નેનો યુરિયા) જે નાઈટ્રોજનની બચત સાથે ખેડૂતોના પાકની ઉપજમાં ૫૦%ની હદ સુધી વધારો કરી શકે છે. નેનો યુરિયાના ઉત્પાદન માટે ટેકનોલોજી ટ્રાન્સફર માટે નેશનલ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (એનએફએલ) અને રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (આરસીએફ) ડીઓએફના પીએસયુએ ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર્સ કોઓપરેટિવ લિમિટેડ (ઈફકો) સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ઈફકોએ ગુજરાતના કલોલ ખાતે સ્થાપવામાં આવેલી નેનો ફર્ટિલાઈઝર પ્લાન્ટ સુવિધામાંથી ઉત્પાદિત નેનો યુરિયા (પ્રવાહી) ની નિકાસ માટે ખાતર વિભાગ પાસેથી પરવાનગી માંગી છે. આ માહિતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણો અને ખાતર મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ આજે ??રાજ્યસભામાં એક લેખિત જવાબમાં આપી હતી.

# શંખેશ્વરના જીજ્ઞા કોમ્પ્યુટર કલાસીસની મુલાકાતે ગુજરાત C.S.C ના સ્ટેટ હેડ શ્રી જયેશભાઈ ભાનુશાલી પધારેલ.





કમલમ દૈનિક,

ઉત્તર ગુજરાતની ધન્યધરા પર આવેલ શંખેશ્વરના પ્રાંગણે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના ઈન્ટરનેટ પ્રોગ્રેસીવ-વર્લ્ડ જીજ્ઞા કોમ્પ્યુટર કલાસીલની મુલાકાતે ગુજરાત c.s.c સ્ટેટ હેડ આદરણીય શ્રીમાન જયેશભાઈ ભાનુશાલી અને સ્ટેટ મેનેજર શ્રીમાન વિશાલભાઈ નાગર પધારેલ.આ પ્રસંગે શંખેશ્વર ગામનું ગૌરવ જીજ્ઞા કોમ્પ્યુટર કલાસીસ-ડીરેકટર સેવાભાવી,કર્મ વીરાંગના,પાટણ જીલ્લા મહિલા મોરચાના મંત્રી શ્રીમતી જીજ્ઞાબેન શેઠ દ્વારા ગુજરાત c.s.c સ્ટેટ હેડ શ્રીમાન જયેશભાઈ ભાનુશાલી અને સ્ટેટ મેનેજર શ્રીમાન વિશાલભાઈ નાગર નું સાલ,માળા અર્પણ કરી બહુમાન કરવામાં આવેલ.આ પ્રસંગે ગુજરાત c.s.c સ્ટેટ હેડ શ્રીમાન જયેશભાઈ ભાનુશાલી અને શ્રીમાન વિશાલભાઈ નાગરે શંખેશ્વર ગામનું ગૌરવ કર્મ વિરાંગના,જીજ્ઞા કોમ્પ્યુટર કલાસીસ-ડીરેકટર શ્રીમતી જીજ્ઞાબેન શેઠ દ્વારા છેલ્લા સોળ-સોળ વર્ષથી અવિરત પણે ગ્રામીણ વિસ્તારમાં ૧૭,૦૦૦ થી અધિક વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું જ્ઞાન આપ્યું છે.હાલમાં પાટણ જીલ્લામાં સૌપ્રથમવાર શંખેશ્વર ગામે જીજ્ઞા કોમ્પ્યુટર કલાસીસ ખાતે સ્પોકન ઈંગલિશ કોર્સ પણ પોતે ચલાવી રહયા છે.અને લોક ડાઉન ના સમયમાં ૪૫-૪૫ દિવસ સુધી જેઓએ પોતાના સ્વાસ્થ્યની ચિંતા કર્યા વગર જબરજસ્ત ખડે પગે દિન રાત લોકોની સેવા કરી છે.અને સેવકીઓ પ્રવૃત્તિઓ ને બીરડાવેલ અને ભવિષ્યમાં પણ તેઓશ્રીના વરદ હસ્તે માનવતાના કાર્યો થાય એવી શુભેચ્છાઓ પાઠવેલ.

# દેશના તમામ જિલ્લાઓમાં ૦૨.૦૮.૨૦૨૧ના રોજ ૮,૦૦૧ જનઔષધિ કેન્દ્રો ખોલવામાં આવ્યા




**સરકારે દુકાન માલિકો માટે પ્રોત્સાહન ભથ્થું ૨.૫૦ લાખ રૂપિયાથી વધારીને ૫.૦૦ લાખ રૂપિયા કર્યું છે**

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ યોજના (PMBJP) હેઠળ, સરકારે ૦૨.૦૮.૨૦૨૧ સુધી દેશના તમામ જિલ્લાઓમાં ૮,૦૦૧ પ્રધાનમંત્રી ભારત જનઔષધિ કેન્દ્ર (PMBJK) ખોલ્યા છે. ઉપરાંત, માર્ચ ૨૦૨૫ સુધીમાં, આશરે ૧૦,૫૦૦ જનઔષધિ કેન્દ્રો ખોલવાનું લક્ષ્ય છે. રાજ્ય સરકારો / કેન્દ્રશાસિત પ્રદેશોએ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHCs) / સામુહિક આરોગ્ય કેન્દ્રો (CHC) સહિતની હોસ્પિટલોના પરિસરમાં જનઔષધિ કેન્દ્રો ખોલવા માટે સમયાંતરે વિનંતી કરી છે. આ માટે, હોસ્પિટલોમાં કેમ્પસમાં ભાડારહિત જગ્યાની ફાળવણી પણ સામેલ છે. હાલમાં, ૨ ઓગસ્ટ ૨૦૨૧ સુધીમાં સરકારી હોસ્પિટલોમાં આશરે ૧,૦૧૨ કેન્દ્રો કાર્યરત છે. આ પ્રોજેક્ટને આગળ ધપાવતા પહેલા, એજન્સી દ્વારા એક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. એજન્સી દ્વારા કરવામાં આવેલી ભલામણોને ધ્યાનમાં લેતા, પ્રોજેક્ટ ચાલુ રાખવા માટે સ્ટેન્ડિંગ ફાઈનાન્સ કમિટી (SFC) ની મંજૂરી પહેલાં ફેરફારો કરવામાં આવ્યા હતા. વધુમાં, જનસુધા કેન્દ્રોની કામગીરી / કામગીરીની સમયાંતરે બ્યુરોના એક્ઝિક્યુટિવ બ્યુરો, તેમજ ફાર્માસ્યુટિકલ અને મેડિકલ ડિવાઈસીસ બ્યુરો ઓફ ઈન્ડિયા' (પીએમબીઆઈ) જેવી પ્રોજેક્ટ અમલીકરણ સંસ્થાઓના અધિકારીઓ અને સંચાલન દ્વારા સમીક્ષા કરવામાં આવે છે. દવાઓ સ્થાનિક ફાર્માસ્યુટિકલ કંપનીઓ પાસેથી ખરીદવામાં આવે છે જેમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રમાણિત ઘટકો હોય છે - સારી ઉત્પાદન પ્રક્રિયા (WHO - GMP). ટેસ્ટિંગ અને કેલિબ્રેશન લેબોરેટરીઝના નેશનલ એક્રેડિટેશન બોર્ડ (એનએબીએલ) દ્વારા માન્ય લેબોરેટરીમાં દવાઓની ચકાસણી કરવામાં આવે છે. આ દવાઓ પછી ગુરુગ્રામ, ચેન્નઈ અને ગુવાહાટીમાં IPMBના વેરહાઉસમાં મોકલવામાં આવે છે. ત્યાંથી, આ દેશભરમાં ડીલરશીપ પર મોકલવામાં આવે છે. જનઔષધિ કેન્દ્રોમાં દવાઓની હેરફેર અને વિતરણને ટેકો આપવા માટે દેશભરમાં ૩૭ ડીલરોનું નેટવર્ક પણ સ્થાપિત કરવામાં આવ્યું છે. સરકારે તાજેતરમાં દુકાન માલિકોને આપવામાં આવતી પ્રોત્સાહનોની રકમ ૨.૫૦ લાખથી વધારીને ૫.૦૦ લાખ કરી છે. રૂ. ૧૫,૦૦૦ / -ની મર્યાદાને આધિન માસિક ખરીદીના ૧૫%. આ ઉપરાંત, મહત્વાકાંક્ષી જિલ્લાઓ, હિમાલય, ટાપુઓ અને પૂર્વોત્તર રાજ્યો માટે ફર્નિચર અને અન્ય માળખાકીય સંબંધિત સામગ્રીની ખરીદી માટે રૂ. ૨ લાખ લેવામાં આવશે. સરકારે તાજેતરમાં પ્રોત્સાહક પ્રસ્તાવને પણ મંજૂરી આપી છે. આ સુવિધા મહિલા ઉદ્યોગ સાહસિકો, દિવ્યાંગો, એસસી અને એસટી દ્વારા ખોલવામાં આવેલા જનસુધા કેન્દ્રો સુધી પણ વિસ્તૃત કરવામાં આવી છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણ અને ખાતર ખાતાના મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ આજે રાજ્યસભામાં લેખિત જવાબમાં આ માહિતી આપી.



# ખેલ રત્ન પુરસ્કારને હવેથી મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર તરીકે ઓળખવામાં આવશે: પ્રધાનમંત્રી

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેમને ભારતભરના નાગરિકો તરફથી ખેલ રત્ન પુરસ્કારનું નામ મેજર ધ્યાનચંદના નામ પર રાખવા ઘણી વિનંતીઓ મળી રહી છે. તેમણે કહ્યું કે તેમની ભાવનાનું સન્માન કરીને ખેલ રત્ન પુરસ્કાર આથી મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર તરીકે ઓળખાશે. પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે મેજર ધ્યાનચંદ ભારતના અગ્રણી ખેલાડીઓમાંથી એક હતા જે ભારત માટે સન્માન અને ગૌરવ લાવ્યા હતા. તે યોગ્ય છે કે આપણા રાષ્ટ્રનું સર્વોચ્ચ રમત સન્માન તેમના નામ પર રાખવામાં આવશે. શ્રેણીબદ્ધ ટ્વીટમાં પ્રધાનમંત્રીએ કહ્યું;" પુરુષ અને મહિલા હોકી ટીમના અસાધારણ પ્રદર્શને આપણા સમગ્ર રાષ્ટ્રનો ઉત્સાહ વધાર્યો છે. સમગ્ર ભારતમાં હોકી પ્રત્યે એક નવો રસ જાગ્યો છે. આવનારા સમય માટે આ ખૂબ જ સકારાત્મક સંકેત છે મને ભારતભરના નાગરિકો તરફથી મેજર ધ્યાનચંદના નામ પર ખેલ રત્ન પુરસ્કાર આપવા માટે ઘણી વિનંતીઓ મળી રહી છે. હું તેમના વિચારો માટે તેમનો આભાર માનું છું. તેમની ભાવનાને માન આપતાં, ખેલ રત્ન પુરસ્કાર આથી મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર તરીકે ઓળખાશે!

# શ્રી જિતેન્દ્ર કુમાર જયન્ત દ્વારા અમદાવાદ મંડળ પર વરિષ્ઠ જનસંપર્ક અધિકારીનો કાર્યભાર સંભાળવામાં આવ્યો



કમલમ દૈનિક,

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર આજ રોજ શ્રી જિતેન્દ્ર કુમાર જયન્તે મંડળ પર કાર્યરત શ્રી પ્રદીપ શર્મા, જનસંપર્ક અધિકારીને કાર્યમુક્ત કરીને વરિષ્ઠ જનસંપર્ક અધિકારીના રૂપે કાર્યભાર સાંભળ્યો. આ પહેલા શ્રી જયન્ત રતલામ મંડળના ઈંદૌરમાં વરિષ્ઠ જનસંપર્ક અધિકારીના પદ પર કાર્યરત હતા. શ્રી જયન્ત જૂન, ૧૯૯૬ ના જનસંપર્ક કેડરના અધિકારી છે અને પશ્ચિમ રેલ્વેના જયપુર મંડળ પર પ્રથમ નિયુક્ત થયા હતા તથા ઉત્તર પશ્ચિમ રેલ્વેના ગઠન પછી ઉત્તર પશ્ચિમ રેલ્વે મુખ્યાલય પર પણ કાર્ય કરી ચૂક્યા છે. તદુપરાંત પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર જનસંપર્ક વિભાગને હાઈ ટેક કરવા બદલ ૨૦૦૮ માં મહાપ્રબંધક દ્વારા શ્રેષ્ઠ કાર્ય કરવા માટે પણ પુરસ્કારિત કરવામાં આવ્યા હતા. શ્રી જયન્ત દ્વારા માનનીય પ્રધાનમંત્રી સ્તરના ચાર કાર્યક્રમોમાં મીડિયાના સંચાલનની સાથે સાથે માનનીય રેલ મંત્રી, રેલ રાજ્ય મંત્રી તથા અધ્યક્ષ લોક સભા સ્તરના વિવિધ કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ મંડળ પર કાર્યભાર ગ્રહણ કર્યા બાદ રેલવે તથા મીડિયાના પરસ્પર સંપર્કને સ્થાપિત કરીને રેલવે દ્વારા કરવામાં આવી રહેલ કાર્યોની જાણકારી લોકો સુધી પહોંચાડવાનું રહેશે અને મીડિયા પ્રતિનિધિયોને સમયસર સાચી જાણકારી પૂરી પાડવાની વચનબદ્ધતા રહેશે.

# નવા ડિજિટલ ચૂકવણી સાધન ઈ-રૂપિ વિશે બધું જાણો








કમલમ દૈનિક,

(પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ બીજી ઑગસ્ટે ડિજિટલ ચૂકવણી માટેના રોકડ રહિત અને સંપર્ક રહિત સાધન એવા ડિજિટલ ચૂકવણીના ઉપાય ઈ-રૂપિનો આરંભ કર્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે દેશમાં ડિજિટલ લેવડદેવડમાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી)ને વધારે અસરકારક બનાવવામાં ઈ-રૂપિ વાઉચર બહુ મોટી ભૂમિકા ભજવનાર છે અને ડિજિટલ શાસન વ્યવસ્થાને એક નવું પરિમાણ આપશે. તેમણે કહ્યું હતું કે ભારત ટેકનોલોજી સાથે લોકોનાં જીવનને કેવી રીતે જોડીને પ્રગતિ સાધી રહ્યું છે એનું ઈ-રૂપિ એક પ્રતીક છે.)

**ઈ-રૂપિ શું છે અને તે કેવી રીતે કામ કરે છે?**

ઈ-રૂપિ મૂળભૂત રીતે એક ડિજિટલ વાઉચર છે અને આ વાઉચર લાભાર્થીને એના ફોનમાં એસએમએસ અથવા ક્યુઆર કોડ સ્વરૂપે મળે છે. આ એક પૂર્વ ચૂકવાયેલ- પ્રિ પેઈડ વાઉચર છે જેને તે/તેણી જઈને આ વાઉચર સ્વીકારતા હોય એવા કોઈ પણ કેન્દ્ર પર જઈને વટાવી શકે છે. દાખલા તરીકે, જો સરકાર એક ચોક્કસ હૉસ્પિટલમાં એક કર્મચારીની અમુક સારવારને આવરી લેવા માગતી હોય તો એ ભાગીદાર બૅંક મારફત નક્કી કરેલી રકમ માટે ઈ-રૂપિ વાઉચર જારી કરી શકે છે.

એ કર્મચારીને એના ફિચર ફોન/સ્માર્ટ ફોનમાં એક એસએમએસ અથવા એક ક્યુઆર કોડ મળશે. તે/તેણી એ ચોક્કસ હૉસ્પિટલમાં જઈને સેવાઓ મેળવી શકે અને એના ફોન પર મળેલા ઈ-રૂપિ વાઉચર મારફત ચૂકવણી કરી શકે છે. આ રીતે, ઈ-રૂપિ એક વખતનું સંપર્કવિહિન, રોકડવિહિન વાઉચર આધારિત ચૂકવણીની પદ્ધતિ છે જેનાથી વપરાશકારને કાર્ડ, ડિજિટલ ચૂકવણી એપ કે ઈન્ટરનેટ બૅંકિંગની સુવિધા વગર આ વાઉચર વટાવવામાં મદદ મળે છે. ઈ-રૂપિને રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા જે ડિજિટલ ચલણનો વિચાર કરે છે એની સાથે ગૂંચવવું ન જોઈએ. એના બદલે, ઈ-રૂપિ એ વ્યક્તિવિશેષ અને હેતુ વિશેષ પણ એવું ડિજિટલ વાઉચર છે.

**ગ્રાહકને ઈ-રૂપિ કઈ રીતે લાભદાયક છે?**

ઈ-રૂપિમાં કોઈ પણ લાભાર્થી પાસે બૅંક ખાતું હોવું જરૂરી નથી, અને આ જ અન્ય ડિજિટલ ચૂકવણીના સ્વરૂપોની સરખામણીએ એની મોટી વિલક્ષણ વિશેષતા છે. તે સરળ, સંપર્કવિહિન, બે પગલાંમાં રિડેમ્પશન પ્રક્રિયા સુનિશ્ચિત કરે છે જેમાં કોઈએ અંગત વિગતો આપવાની પણ જરૂર નથી. આનો બીજો લાભ એ છે કે ઈ-રૂપિ બેઝિક ફોન્સ પર પણ કાર્ય કરી શકે છે અને એટલે જેમની પાસે સ્માર્ટ ફોન ન હોય અથવા એવા સ્થળે હોય જ્યાં ઈન્ટરનેટ જોડાણનો અભાવ હોય એવી વ્યક્તિઓ પણ આનો ઉપયોગ કરી શકે છે.

**પુરસ્કર્તા માટે ઈ-રૂપિના શું લાભો છે.**

ઈ-રૂપિ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરને વધારે મજબૂત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે એવી અપેક્ષા છે અને એને વધારે પારદર્શક બનાવશે. વાઉચર્સને ભૌતિક રીતે જારી કરવાની કોઈ જરૂર નથી એટલે અમુક ખર્ચ બચત તરફ પણ એ દોરી જશે.

**સેવા પ્રદાતાઓને શું લાભો મળશે**

આ એક પ્રિ-પેઈડ વાઉચર હોવાથી ઈ-રૂપિ સેવા પ્રદાતાઓને રિયલ ટાઈમ ચૂકવણીઓની ખાતરી આપશે.

**ઈ-રૂપિને કોણે વિકસાવ્યું છે?**

ભારતમાં ડિજિટલ ચૂકવણીની પદ્ધતિઓ પર દેખરેખ રાખનાર નેશનલ પેમેન્ટ્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા (એનપીસીઆઈ)એ રોકડ રહિત વ્યવહારોને ઉત્તેજન આપવા એક વાઉચર આધારિત ચૂકવણી પદ્ધતિ ઈ-રૂપિની શરૂઆત કરી છે. તેને નાણાકીય સેવાઓના વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને રાષ્ટ્રીય આરોગ્ય સત્તામંડળ સાથે સહયોગમાં વિકસાવાયું છે

**કઈ બેંકો ઈ-રૂપિ જારી કરે છે?**

એનપીસીઆઈએ ઈ-રૂપિ વ્યવહારો માટે ૧૧ બૅંકો સાથે ભાગીદારી કરી છે. આ બૅંકો છે: એક્સિસ બૅંક, બૅંક ઑફ બરોડા, કેનેરા બૅંક, એચડીએફસી બૅંક, આઈસીઆઈસીઆઈ બૅંક, ઈન્ડિયન બૅંક, ઈન્ડસઈન્ડ બૅંક, કોટક મહિંદ્રા બૅંક, પંજાબ નેશનલ બૅંક, સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયા અને યુનિયન બૅંક ઑફ ઈન્ડિયા. મેળવનારી એપ્સ છે ભારત પે, ભીમ બરોડા મર્ચન્ટ પે, પાઈન લૅબ્સ, પીએનબી મર્ચન્ટ પે અને યોનો એસબીઆઈ મર્ચન્ટ પે. જલદી ઈ-રૂપિ પહેલમાં વધુ બૅંકો અને મેળવનારી એપ્સ જોડાવાની અપેક્ષા છે.

**ઈ-રૂપિ હાલ ક્યાં ઉપયોગમાં લઈ શકાય છે?**

શરૂઆતમાં એનપીસીઆઈએ ૧૬૦૦થી વધુ હૉસ્પિટલો સાથે જોડાણ કર્યું છે જ્યાં ઈ-રૂપિ વટાવી શકાય છે.

નિષ્ણાતો કહે છે, આવનારા દિવસોમાં, ઈ-રૂપિનો વપરાશકાર આધાર વધારે વિસ્તૃત થવાની અપેક્ષા છે અને ખાનગી ક્ષેત્ર પણ કર્મચારીના લાભો વિતરણ કરવા માટે એનો ઉપયોગ કરશે અને એમએસએમઈ બિઝનેસ ટુ બિઝનેસ (બીટુબી) વ્યવહારો માટે એને અપનાવશે.

•Printer/Publisher/Owner & Editor: Mahesh N. Patel. •Printed At :-Captial Offset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar(Gujarat)382028